


# આહ્વાન

A Monthly Bulletin of Shahpur Methodist Church



**Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.**

**Email : reveskant1964@gmail.com** **Pastor : Rev. Dr. Emanuel S. Kant**

**Visit us at : www.shahpurmethodistchurch.com** **Ph. : 079-25503545 (M) 8780130474**



**વર્ષ - ૫૩** **ઓગસ્ટ - ૨૦૨૪** **પત્ર - ૧૩૨**


## પસંદગી

પૃથ્વી ઉપરનું આપણું જીવન પ્રભુની ખાસ ઈચ્છા અને યોજના પ્રમાણે છે. આપણા જીવન પાછળ પ્રભુનો ખાસ હેતુ હોય છે. એક મિશનેરીને એક વિશ્વાસુ જૂથમાંથી એક વિશ્વાસુએ પ્રશ્ન પૂછ્યો કે પ્રભુએ માણસને શા માટે ઉત્પન્ન કર્યું ? મિશનેરીએ જવાબ આપ્યો કે માણસને પ્રભુની સંગતમાં રહી અને પ્રભુને મહિમા આપવા માટે ઉત્પન્ન કર્યું છે. આપણા જીવનમાં પ્રભુનો હેતુ છે એ હેતુની પસંદગી આપણા જીવનમાં હોવી જોઈએ. યશાયા ૪૩:૭માં પ્રભુ જણાવે છે મેં મારા મહિમાને અર્થે ઉત્પન્ન કર્યા છે. ૧ પિતર ૨:૯ માં જણાવ્યું છે કે પ્રભુએ આપણને એમના સદ્‌ગુણો પ્રગટ કરવાને પસંદ કર્યા છે. યોહાન ૧૫:૧૬માં જણાવે છે તે પ્રમાણે પ્રભુએ આપણને એમને મહિમા આપતા ફળો આપીએ માટે પસંદ કર્યા છે.

આપણા જીવનમાં સેવા અને કાર્યો દ્વારા દેવની ઈચ્છા પૂર્ણ થાય માટે આપણી પસંદગી કરવામાં આવી છે. વ્યક્તિ, કુટુંબ અને મંડળી તરીકે આપણે દેવની તેમને મહિમા આપવાની અને ફળો આપવાની તથા તેમના સદ્‌ગુણો પ્રગટ કરવાની ઈચ્છા છે તે પૂર્ણ કરવા પ્રયત્નો કરવા જોઈએ.

પ્રભુએ આપણને જે હેતુ માટે પસંદ કર્યા છે એ હેતુને આપણે પકડી લેવાનો છે. ગીતશાસ્ત્ર ૪૦:૮ પ્રમાણે 'તારી ઈચ્છા પ્રમાણે કરવાને હું રાજી છું.'

પ્રભુનો આભાર માનીએ કે તેમણે આપણને વિશ્વાસુ ગણીને તેમના અતિ ઉચ્ચ હેતુને માટે પસંદ કર્યા છે. આભાર સાથે આ સેવાકાર્યમાં આપણે વૃદ્ધિ પામતા રહીએ.

પ્રભુનો હેતુ આપણા જીવન, કુટુંબ અને મંડળી દ્વારા પૂર્ણ થાય તેમાં ઘણા પ્રશ્નો અવશેષો, પડકારો, અડચણો આવ્યા કરશે, પરંતુ આપણે આ કાર્યમાં ચાલુ રહીએ. યોહાન ૧૫:૧૯માં વચનમાં જણાવે છે કે જો તમે જગતમાં હોત તો જગત તમને પ્રેમ કરત પરંતુ તમે જગતના નથી તેથી જગત તમારો દ્વેષ કરશે. આ પ્રમાણે આપણે પ્રભુના હેતુ માટે આ જગતમાંથી પસંદ કરાયેલા છીએ. એટલે યોહાન ૧૬:૩૩ પ્રમાણે જગતના સંકટોમાંથી પસાર થવાનું છે અને જગતથી અલિપ્ત રહીને પ્રભુને મહિમા આપતા ફળો આપવાના છે.

વ્હાલાઓ પ્રે.કૃ. ૧૩:૨૨માં પ્રભુ દાઉદ વિશે કહે છે કે તે મારી બધી ઈચ્છા પૂરી કરશે, તે પ્રમાણે પ્રભુ આપણા માટે પણ આવી જ ઈચ્છા રાખે છે કે આપણે તેમની ઈચ્છા પૂરી કરીએ અને આપણી પસંદગીનો હેતુ સાર્થક કરીએ.

મેથોડિસ્ટ ચર્ચ શાહપુર પ્રભુને મહિમા આપતા ફળો માટે પસંદ કરેલ છે ત્યારે પ્રભુ આપને સહાય કરો.

અને દેવની સ્તુતિ તથા મહિમા વધવા માટે ઈસુ ખ્રિસ્ત દ્વારા ન્યાયીપણાના ફળોથી તમે ભરપૂર થાઓ. ફિલિપ્પી ૧:૧૧.

**મનન માટે આમંત્રિત**
**પાળક રેવ. અરવિંદ ખ્રિસ્તી**
**તા. ૨૦-૭-૨૪ થી રેવ. ઈમાનુએલ એસ. કાન્ત, પાળક**


**આ બુલેટીન છાપવાનો તમામ ખર્ચ પ્રભુ પ્રેમી એક દાતા તરફથી મળેલ છે.**

## ગત માસના કાર્ય તરફ દૃષ્ટિપાત

- તા. ૩-૭-૨૪ બુધવાર સાંજે ૮-૦૦ કલાકે ઈડન ગાર્ડન સોસાયટીમાં શ્રી પ્રશાંતભાઈ એસ. ક્રિશ્ચિયનના ઘરે પ્રાર્થના મિટીંગ કરવામાં આવી.
- તા. ૫-૭-૨૪ સાંજે ૮-૦૦ કલાકે ચર્ચમાં પ્રાર્થના સંગત કરવામાં આવી.
- તા. ૭-૭-૨૪ રવિવારની ભજનસેવા ચલાવી. 'કરાર' સંબંધી વચન આપ્યું. પ્રભુભોજન પળાવવામાં આવ્યું.
- તા. ૧૪-૭-૨૪ રવિવારની ભજનસેવા ચલાવી. ગલાતી ૬:૬-૧૦ પ્રમાણે 'થાકવું નહિ' સંબંધી વચન આપ્યું.
  ભજનસેવા બાદ શ્રી શરદભાઈ જે. માસ્ટર પરિવારને પ્રભુએ નવું ઘર પૂરું પાડ્યું તે બદલ સર્વ માટે નાસ્તાની વ્યવસ્થા તેઓ તરફથી કરવામાં આવી હતી. આભાર.
  બપોરે ૧૨-૦૦ કલાકે તેઓના નવા ઘરની અર્પણવિધિ કરવામાં આવી હતી. અભિનંદન.
  ભજનસેવા બાદ તરત જ પાસ્ટોરેટ કમિટી પણ મળી હતી.
- તા. ૨૧-૭-૨૪ રવિવારની ભજનસેવા નવા નિમણુંક પામેલ પાળક રેવ. ઈમાનુએલ એસ. કાન્ત તથા શ્રીમતી ઉષાબહેનનો આવકાર કરવામાં આવ્યો. ૨ જો રાજા ૬:૨૪ થી ૩૩ આધારે પ્રભુનું વચન 'લાચાર રાજા' વિષયક લાવ્યા.
- તા. ૨૬-૭-૨૪ શાસ્ત્રઅભ્યાસ પ્રાર્થના સંગત માટે મળ્યાં. રેવ. અરવિંદ ખ્રિસ્તી સાહેબે ચલાવી. પાળક હાજર રહ્યાં.
- તા. ૨૮-૭-૨૪ પાળકે ૨ જો રાજા ૭ માં અધ્યાયમાંથી 'રાજાનો ઈશ્વર' વિષય પર પાળક પ્રભુનું વચન લાવ્યાં.




## પાળક દ્વારા મળેલા બર્થ ડે અને આભારસ્તુતિના દાનો

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી મંદાકીનીબેન એલ. પેલમોર | બર્થડે | ૫૦૦ |
| ૨. | શ્રીમતી મંદાકીનીબેન એલ. પેલમોર<br>પ્રભુએ સાજાપણું આપ્યું તે બદલ | આ.સ્તુ. | ૨૦૦ |
| ૩. | શ્રીમતી બીનાબેન આર. શાહ | બર્થડે | ૫૦૦ |
| ૪. | શ્રી આશિષભાઈ આર. પરમાર | આ.સ્તુ. | ૫૦૦ |
| ૫. | શ્રીમતી કેરોલીનબેન એ. ક્રિસ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૬. | કુ. રીયોના ડી. હેરી | બર્થડે | ૫૦૦ |
| ૭. | શ્રીમતી રીટાબેન ડી હેરી | બર્થડે | ૫૦૦ |
| ૮. | શ્રીમતી સુનંદાબેન વી. મેકવાન | બર્થડે | ૫૦૦ |
| ૯. | શ્રી જેમ્સ વી. મેકવાન | બર્થડે | ૨૦૦ |
| ૧૦. | શ્રીમતી મહિમા એમ્બ્રોઝ પેટ્રીક | બર્થડે | ૫૦૦ |
| ૧૧. | શ્રીમતી સિલ્વીયાબેન એન. ક્રિશ્ચિયન | બર્થડે | ૧૦૦૦ |
| ૧૨. | શ્રીમતી જુલીયેટ એન. ક્રિસ્ટી | બર્થડે | ૨૦૦ |
| ૧૩. | શ્રી નોએલ એસ. ક્રિસ્ટી | આ.સ્તુ. | ૨૦૦ |
| ૧૪. | શ્રીમતી નેન્સીબેન આર. ફ્રાન્સિસ | બર્થડે | ૫૦૦ |
| ૧૫. | એરોન એ. ઈમાનુએલ | બર્થડે | ૫૦૦ |
| ૧૬. | શ્રી/શ્રીમતી શરદભાઈ જે. માસ્ટર<br>પ્રભુએ નવું ઘર પૂરું પાડ્યું અભિનંદન | આ.સ્તુ. | ૫૦૦૦ |
| ૧૭. | શેરીલ ક્રિશ્ચિયન (રેવ. કાન્ત મારફતે) | આ.સ્તુ. | ૫૦૦ |

## અહેવાલ

અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટ મહિલા મંડળ તરફથી પ્રૌઢ શિક્ષણ અને આધ્યાત્મિક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં શાહપુર મેથોડિસ્ટ ચર્ચમાંથી પ્રમુખ અને ચાર બહેનોએ ભાગ લીધો હતો. તેમાં વક્તા તરીકે ડી.એસ. રેવ. સ્મિતાબેન રોઝિયાસાહેબ અને શ્રીમતી સુધાબેન મેકવાને બહેનોને ઉત્તેજન મળે એવા મનનીય સંદેશા આપ્યા હતા. અગાપે ચર્ચના મહિલા મંડળના બહેનો અને પાસ્ટોરેટ કમિટીના સભ્યોએ જમવાની વ્યવસ્થા અને આમીન મેથોડિસ્ટ ચર્ચના મહિલા મંડળ દ્વારા દરેક હાજર બહેનોને ગીફ્ટ આપવામાં આવી હતી. સેમિનારની સફળતા માટે ઈશ્વરપિતાનો આભાર.

## BIRTHDATE IN AUGUST

| | | | |
|---|---|---|---|
| ૧/૮ | શૉન આર. ક્રિશ્ચિયન (U.S.A.) | ૧૯/૮ | સુરેખા એ. ક્રિશ્ચિયન |
| ૧/૮ | એન્ડરસન એ. ક્રિશ્ચિયન | ૨૦/૮ | આશ્કા એન. રાઠોડ |
| ૧/૮ | એલિશા એ. પરીખ | ૨૨/૮ | એનેશા ડી. હેરી |
| ૩/૮ | રોમી એ. ખ્રિસ્તી | ૨૩/૮ | સ્ટેલા એમ. પરમાર |
| ૪/૮ | એશેલ એ. ક્રિશ્ચિયન(U.S.A.) | ૨૪/૮ | આર્નોન એસ. પેલમોર |
| ૪/૮ | એશેલ એ. ક્રિશ્ચિયન | ૨૪/૮ | શનાયા એન. મહીડા (U.S.A.) |
| ૭/૮ | થોમસ વી. મેકવાન | ૨૫/૮ | પ્રાર્થના એ. કાપડીયા |
| ૮/૮ | લલીતાબહેન એસ. ખ્રિસ્તી | ૨૭/૮ | જીલ એમ. રાઠોડ |
| ૮/૮ | રેવ. ઈમાનુએલ કાન્ત | ૨૯/૮ | ડોરીન એન. ક્રિશ્ચિયન |
| ૧૩/૮ | જેનેટ પી. ક્રિશ્ચિયન | | |

## નાણાંકીય અહેવાલ જૂન - ૨૦૨૪

| | | |
|---|---|---|
| **તા.૧-૬-૨૪ની ઉઘડતી સિલક** | | |
| | રોકડ | ૨૫૭૧.૦૦ |
| | બેંક | ૮૧૬૨૮૮.૫૯ |
| **તા.૩૦-૬-૨૪ સુધીની** | આવક | ૧૨૭૫૭૦.૦૦ |
| | કુલ | ૯૪૬૪૨૯.૫૯ |
| **તા.૩૦-૬-૨૪ની બંધ સિલક** | | |
| | રોકડ | ૨૯૭૦૩.૦૦ |
| | બેંક | ૮૧૬૯૨૩.૫૯ |
| **તા.૩૦-૬-૨૪ સુધીનો** | ખર્ચ | ૯૯૮૦૩.૦૦ |
| | કુલ | ૯૪૬૪૨૯.૫૯ |

**શ્રી મનોજકુમાર સી. ચૌહાણ, ટ્રેઝરર**